સબસિડીવાળા ગેસ સિલિન્ડરની સંખ્યા ૯ કરાશે

નવી દિલ્હી,તા. ૨૯

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય અને મધ્યમવર્ગના લોકોને આંશિક મુશ્કેલીનો સામનો આગામી દિવસોમાં કરવો પડી શકે છે. કારણકે, સરકાર સબ્સિડીવાળા ગેસ સિલિન્ડરની સંખ્યા ઘટાડવાની યોજના ધરાવે છે. હાલમાં એક પરિવારને સબ્સિડીવાળા ૧૨ સિલિન્ડર આપવામાં આવે છે જેની સરખામણીમાં સબ્સિડીવાળા ગેસ સિલિન્ડરની સંખ્યા ઘટાડીને ૯ કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. હાલમાં એક પરિવારને વર્ષમાં સસ્તા દરે ૧૨ ગેસ સિલિન્ડર મળે છે સરકાર આની સંખ્યા ઘટાડીને ૯ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ડિઝલ ઉપર સબ્સિડી ખતમ કર્યા બાદ કેન્દ્ર હવે એલપીજીનો બોજ સરકારી ખજાના ઉપર ઘટાડવાની યોજના ધરાવે છે. આ વર્ષે એલપીજી પર સબ્સિડી ૩૦ ટકાથી વધીને ૬૦૦૦૦ કરોડ સુધી પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. આનાથી સરકારી તિજોરી પર તીવ્ર દબાણ વધે તેવી શક્યતા છે. કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીની અપીલ બાદ લોકસભાની ચુંટણીથી પહેલા યુપીએ સરકારે સબ્સિડીવાળા ગેસ સિલિન્ડરની સંખ્યા ૯થી વધારીને ૧૨ કરી દીધી હતી. ત્યારબાદથી કોમર્શિયલ એક્ટિવીટી માટે સબ્સિડીવાળા ગેસ સિલિન્ડરનું વેચાણ ખૂબ વધી ગયું હતું. નાણાં મંત્રાલયે પેટ્રોલિયમ મંત્રાલયને રાંધણગેસ સાથે સંબંધિત સબ્સિડી ઘટાડવા અને તેના બ્લેક માર્કેટિંગને રોકવા માટે તરત પગલા લેવાની માંગ કરી છે. જ્યારે યુપીએ સરકારે સબ્સિડીવાળા સિલિન્ડરની સંખ્યા ૯ નક્કી કરી હતી ત્યારે કોમર્શિયલ સિલિન્ડરની માર્કેટ કિંમત વધી હતી. આજ કારણસર રેસ્ટોરન્ટ, ફેક્ટરીઓ અને મોટા બિઝનેસમેનોને સબ્સિડીવાળા સિલિન્ડર મળી રહ્યા નહતા. હાલમાં ડેટાથી આ પ્રવાહ બદલાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ઓક્ટોબર ૨૦૧૨થી જાન્યુઆરી ૨૦૧૩ના ગાળામાં સબ્સિડીવાળા સિલિન્ડરનું વેચાણ ૪.૯ ટકા સુધી ઘટી ગયું છે. એ વખતે માત્ર છ સબ્સિડીવાળા સિલિન્ડરની મંજુરી હતી આને વધારીને ૯ કરી દેવાઈ હતી. ફેબ્રુઆરી ૨૦૧૩થી જાન્યુઆરી ૨૦૧૪ વચ્ચેના ગાળામાં તેનું વેચાણ ૨.૨ ટકા ઘટી ગયું હતું. આજ નાણાકીય વર્ષમાં સબ્સિડીવાળા ગેસ સિલિન્ડરની મર્યાદા વધારીને ૧૨ કરાઈ હતી.

૨૫ કંપનીઓની યાદી જારી કરવામાં આવી

નોકરી મામલે માઈક્રોસોફ્ટ વિશ્વની નંબર વન કંપની છે

ન્યૂયોર્ક,તા.૨૯

માઈક્રોસોફ્ટ માત્ર સોફ્ટવેર સેક્ટરમાં જ ટોપ ઉપર નથી બલ્કે કામ કરવાની દૃષ્ટિએ પણ તે દુનિયાની નંબર વન કંપની છે. મોટાભાગનાં લોકોને માઈક્રોસોફ્ટ કંપનીમાં નોકરી કરવાનું પસંદ છે. તાજેતરમાં જ કરવામાં આવેલાં એક સર્વેમાં જાણવા મળ્યું છે કે, નોકરી મામલે માઈક્રોસોફ્ટ દુનિયાની શ્રેષ્ઠ કંપની છે. હ્યુમન રિસોર્સ કન્સલ્ટન્સી કંપની ધ ગ્રેટ પ્લેસ ટુ વર્ક ઈન્સ્ટીટ્યુટના સર્વેમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ૨૫ કંપનીઓની આ યાદીમાં ટોપ ટેન કંપનીઓ અમેરિકાની છે. ટોપ ટેનમાં વિશ્વનાં અન્ય કોઈ દેશની કંપની સ્થાન મેળવી શકી નથી. જે કંપનીમાં તેઓ કામ કરી રહ્યા છે તે કંપની કેવી છે તેવો પ્રશ્ન દુનિયાભરના ૨૫ લાખથી વધારે કર્મચારીઓને કરવામાં આવ્યો હતો. સોફ્ટવેર કંપની એસએએસ બીજા સ્થાન અને નેટવર્ક સ્ટોરેજ કંપની નેટએપ ત્રીજા સ્થાને છે. ઈન્ટરનેટ કંપની ગુગલ ચોથા સ્થાને છે. મોટાભાગની અમેરિકન કંપનીઓએ એકતરફી વર્ચસ્વ જાળવી રાખ્યું છે. ટોપ ટેન કંપનીઓમાં અન્ય જે કંપનીઓ સ્થાન મેળવી શકવામાં સફળ રહી છે તેમની હોટલ સેક્ટરની મેરિયટ કંપની પણ સામેલ છે. આ લિસ્ટ તૈયાર કરનાર કંપનીએ દાવો કર્યો છે કે જે કંપનીઓએ કર્મચારીઓને આત્મવિશ્વાસમાં લીધા છે અને ગર્વ તેમજ પરસ્પર મૈત્રીપૂર્ણ વાતાવરણ ઉભુ કર્યું છે તે જ કંપની ટોચ પર છે. આ સર્વેમાં એ જ કંપનીની પસંદગી કરવામાં આવી છે જેમાં પાંચ હજારથી વધારે કર્મચારીઓ કામ કરી રહ્યા છે.

તમિલનાડુના નવા મુખ્યમંત્રી તરીકે પન્નીરસેલવમના શપથ

બેંગ્લોર, તા.૨૯

અન્નાદ્રમુકના નેતા પન્નીરસેલવમે આજે રાજભવન ખાતે આયોજિત એક સાદા કાર્યક્રમમાં તમિલનાડુના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા. શપથવિધિમાં પન્નીરસેલવમ ભાવનાશીલ બની ગયા હતા. બેંગ્લોરમાં ખાસ અદાલતે ભૂતપૂર્વ મુખ્યમંત્રી જયલલિતાને અપ્રમાણ સંપત્તિ કેસમાં ચાર વર્ષની આકરી જેલની સજા ફટકારી દીધા બાદ પન્નીરસેલવમે મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા. રાજ્યપાલ કે રોસૈયાએ પન્નીરસેલવમને મુખ્યમંત્રી તરીકેના શપથ લેવડાવ્યા હતા. ત્યારબાદ તેમના કેબિનેટના સાથીઓને પણ શપથ લેવડાવવામાં આવ્યા હતા. શપથવીધીવેળા પન્નીરસેલવમ અને તેમના કેબિનેટના કેટલાક સાથીઓ રડી પડ્યા હતા. પન્નીરસેલવમ સહિત ૩૧ ધારાસભ્યોએ પ્રધાન તરીકેના શપથ લીધા હતા. આ તમામ જયલલિતાની કેબિનેટના સભ્યો છે. અત્રે

ઉલ્લેખનીય છે કે, અન્નાદ્રમુકના નેતા અને હાલમાં જેલની સજાનો સામનો કરી રહેલા જયલલિતાના નજીકના સાથી પન્નીરસેલવમને ગઈકાલે તમિલનાડુના મુખ્યમંત્રી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જયલલિતાને ૬૬.૬૫ કરોડ રૂપિયાની સંપત્તિના મામલામાં દોષિત ઠેરાવવામાં આવ્યા હતા અને ચાર વર્ષની સજા કરવામા આવી હતી. કોર્ટના આ ચુકાદાથી મુખ્યમંત્રી પદ ગુમાવવાની જયલલિતાને ફરજ પડી હતી. મૂદુકુલાથોર સમુદાયના પન્નીરસેલવમ જયલલિતાના સૌથી નજીકના સાથી પણ છે. બેંગલોર જેલમાં જતા પહેલા તેમની કલાકો સુધી જયલલિતા સાથે વાતચીત પણ થઈ હતી. ગઈકાલે પ્રદેશના નવા મુખ્યમંત્રી માટે અન્નાદ્રમુકના ધારાસભ્યની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં પન્નીરસેલવમના નામ પર નિર્ણય લેવાયો હતો. જેમાં ઔપચારિક રીતે પન્નીરસેલવમના નામ પર મંજુરીની મહોર મારવામાં આવી હતી. જયલલિતા સરકારના મોટાભાગના મંત્રી અને પાર્ટી ધારાસભ્ય શનિવારના દિવસે બેંગ્લોરમાં જ રહ્યા હતા. કોર્ટના ચુકાદા પહેલા તેઓ ત્યાં પહોંચ્યા હતા. પન્નીરસેલવમને જયલલિતાએ ૨૦૦૧માં પણ આવી જ સ્થિતિમાં એક વર્ષ માટે મુખ્યમંત્રી બનાવ્યા હતા. એ વખતે જયલલિતાને ભ્રષ્ટાચારના કેસમાં સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યા બાદ રાજીનામું આપી દેવાની ફરજ પડી હતી. પંરતુ સત્તાની જવાબદારી જયલલિતાના હાથમાં જ રહી હતી. પન્નીરસેલવમ તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે હવે જવાબદારી અદા કરશે.

જયાની જામીન અરજી સંદર્ભે આજે સુનાવણી

બેંગ્લોર, તા.૨૯

તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી અને સંપત્તિ કેસના સંદર્ભમાં જેલની સજાનો સામનો કરી રહેલા જયલલિતાની જામીન અરજી પર હવે આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. આ સુનાવણી ઉપર જયલલિતાના સમર્થકો અને રાજકીયપક્ષોની પણ નજર કેન્દ્રીત થઈ છે.

જયલલિતાને હાલમાં જ સંપત્તિ કેસના સંદર્ભમાં ચાર વર્ષ જેલની સજા કરવામાં આવી હતી. આ ઉપરાંત જંગી દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. જયલલિતા હાલમાં જેલમાં છે. જયલલિતાના વકિલ જામીન માટે આવતીકાલે કર્ણાટક હાઈકોર્ટમાં રજુઆત કરશે. તેમને અપરાધી ઠેરવવા અને અપ્રમાણ સંપત્તિ કેસમાં સજા પર સ્ટે મુકવાની માંગ કરીને નવી વ્યુહરચના રજુ કરવામાં આવે તેવી શક્યતા છે. ૬૬ વર્ષીય જયલલિતાના વરિષ્ઠ વકિલ બી કુમારે આજે કહ્યું હતું કે, કર્ણાટક હાઈકોર્ટમાં આવતીકાલે જામીન માટે અરજી કરવામાં આવશે. જયલલિતાને એક ધારાસભ્ય તરીકે પણ જયલલિતાને ગેરલાયક જાહેર કરવામાં આવ્યા હતા. જોકે, જયલલિતાની અરજી પર સુનાવણી મંગળવારના દિવસે હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. વેકેશન બેંચ દ્વારા સુનાવણી કરાશે. કારણકે, હાઈકોર્ટ ૨૯મી સપ્ટેમ્બરથી ૬ ઓક્ટોબર સુધી દશેરાની રજા પાડશે.

વિશ્વમાં સૌથી સસ્તી એરલાઈન્સમાં ભારતની લો કોસ્ટ કેરિયર ઈન્ડીગો પણ સામેલ

નવી દિલ્હી,તા. ૨૯

વિશ્વમાં હાલ રહેલી સૌથી સસ્તી એરલાઈન્સમાં હવે ભારતની લો કોસ્ટ કેરિયર ઈન્ડીગો પણ સામેલ થઈ ગઈ છે. ઈન્ડીગો તેની સેવાના કારણે દિન પ્રતિદિન વધુને વધુ સફળતા મેળવી રહી છે. વિશ્વમાં સૌથી સસ્તી એરલાઈન્સમાં મલેશિયાની ફાયરફ્લાય પ્રથમ ક્રમાંક પર છે. વિશ્વમાં સૌથી સસ્તી એરલાઈન્સની વાત કરવામાં આવે તો આ યાદીમાં ભારતની બે લો કોસ્ટ એરલાઈન્સ સામેલ છે. ભારત તરફથી લોકપ્રિય લો બજેટ એરલાઈન્સ સ્પાઈસ જેટ અને ઈન્ડિગો આ યાદીમાં સ્થાન મેળવવામાં સફળ રહી છે. જુદી જુદી બાબતોને ધ્યાનમાં લઈને સૌથી સસ્તી એરલાઈન્સની યાદી તૈયાર કરવામાં આવી છે. વિશ્વભરમાં સક્રિય અને ઓપરેશનમાં રહેલી લો કોસ્ટ બજેટ એરલાઈન્સની એક બાજુની ટિકિટના ખર્ચ અને અન્ય યાત્રીને થતા ખર્ચને આવરી લેવામાં આવ્યા હતા. વિચ

એરલાઈન ડોટ કોમના અહેવાલમાં દાવો કરાવામાં આવ્યોછે કે એશિયામાં લો કોસ્ટ એરલાઈન્સ વધારે છે. ચેક્ડ બગેજ ફી સહિત ખુબ ઓછા દરે અથવા તો ૩૦ યુરો જ ઓફર કરનાર ફાયર ફ્લાય પ્રથમ નંબરની એરલાઈન્સ છે.સ્પાઈસ જેટ ભારતની એરલાઈન્સ છે. જે ટોપ ટેનમાં સામેલ છે. ફાયરફ્લાય બાદ બીજા ક્રમે સ્પાઈસ જેટ છે. સ્પાઈસ જેટમાં સરેરાશ એકબાજુનુ ભાડુ ૫૨ યુરોની આસપાસ છે. ઈસ્તાનબુલમાં અનુર એરની પણ આવી જ સ્થિતી છે. લોકપ્રિય લો બજેટ એરલાઈન મલેશિયાના એર એશિયા યાદીમાં ચોથા સ્થાને છે. ઈસ્તાનબુલ સ્થિત એરલાઈન પણ આમાં સામેલ છે.હાલમાં ગળા કાપ સ્પર્ધા વચ્ચે પ્રવાસીઓને આકર્ષિત કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે.ભારતમાં ઉડ્ડયન ક્ષેત્રમાં જોરદાર સ્પર્ધા વધે તેવી શક્યતા છે. આવી સ્થિતીમાં પ્રવાસીઓને સીધીરીતે ફાયદો થશે. જો કે લોકો સાવધાન છે.

અલ્હાબાદ ખાતે દશેરાની ઉજવણી માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. પરંપરાગત લોકસંસ્કૃતિ શૈલીમાં ભગવાન શ્રીરામના જીવન કવનને આવરી લેતું સ્ટેજ તૈયાર કરાઈ રહ્યું છે. સ્ટેજની સાથો સાથ પાત્રો પણ પરંપરાગત શૈલીમાં તૈયાર થઈ રહ્યાં છે અને રોજે રોજ તેના રિહર્સલ ચાલે છે. વિજયાદશમીની સાંજે રાવણદહનની સાથે સાત દિવસ સુધી રામલીલાના વૈવિધ્ય કાર્યક્રમો યોજાય છે.

સમાચાર ઝલક

- હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં દાદાની સામે પૌત્રે ઝંપલાવ્યું.
- હુર્રિયત નેતાઓની મુલાકાતનો સમય યોગ્ય ન હતો : પાકિસ્તાની સલાહકાર સરતાઝ અઝીઝ.
- રીવરફ્રન્ટ ખાતે વિશ્વશાંતિ માટે ચાર કરોડ નવકાર જાપ સંપન્ન.
- રાજ્યમાં એન.આર.આઇ. બેંક ડિપોઝીટમાં વધારો થયો.
- સૌરાષ્ટ્રમાં અનિયમિત વરસાદના કારણે વાવેતરમાં ૪૨%નો ઘટાડો.
- એલ.ડી. એન્જીનીયરિંગ કોલેજમાં હાઇટેક લેબોરેટરી બનશે.
- તામિલનાડુની પરિસ્થિતિને કારણે ઓસ્ટ્રેલિયન પ્રવાસીઓને સાવચેત રહેવા અપીલ કરી.
- સુરતમાં જલક્રાંતિ મેદાન નજીક ભરબપોરે ગેંગવોર, ગોળીબાર.
- દક્ષિણ ગુજરાતમાં લેપ્ટોસ્પાયરોસીસે ૬નો ભોગ લીધો.
- જવાનોએ રૂપિયા ૧.૬ લાખની બેગ લૂંટીને ફરાર થતાં માણસને પકડવા ચાલુ મેટ્રો ટ્રેન રોકાવી ને ગુનેગારને ઝડપ્યો.
- જેલમાં કેદીઓ પાસેથી એક બીડીના રૂા. ૫૦ અને તમાકુના રૂા. ૫૦૦ પોલીસ લેતી હોવાનો આરોપ.
- પૃથ્વીની નવી 'ડેડ'લાઇન, ૧ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ ઉલ્કા પ્રલય નોતરે તેવો વિજ્ઞાનીઓનો મત.
- બીએસએનએલ લેન્ડ લાઇનમાં ચાલુ માસથી જ ભાવવધારો થશે.
- ગંગા કિનારે અંતિમ સંસ્કાર કરવા નહીં દેવાય : ઉમા ભારતી
- ગુજરાતમાં ૨૫ ટકા શહેરી લોકો 'હાયપર ટેન્શન'ના ભરડામાં.
- દેશમાં વિકરાળ બનેલી મોંઘવારીની સામે લડત કરવી જરૂરી : રઘુરામ રાજન
- મેક ઇન ઇન્ડિયાના વિકાસથી તકદીર બદલશે : મુખ્યમંત્રી આનંદીબેન પટેલ
- યુરોપમાં આઇએસઆઇએસના ૭૧૦ આતંકવાદીઓ સક્રિય હોવાનો ઘટસ્ફોટ.
- અમદાવાદમાં કારચાલકે ૧૨ વાહનોને ટક્કર મારી ફંગોળ્યા.
- ગુજરાતમાં દર ૭૫૦૦ લોકોએ એક એસ.ટી. બસની સુવિધા.
- ચીનમાં ભયાનક બોંબ બ્લાસ્ટ, ૪૦ તોફાની તત્ત્વો અને ૬ નાગરિકોનાં મોત.
- હવે વોટ્સઅપમાં ડિલીટ થયેલા મેસેજ પાછા મેળવી શકાશે.
- ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટીને કાર અકસ્માત નડ્યો.
- સૂરતમાં અચાનક વરસાદથી ગરબા આયોજકો અને ખેલૈયાઓની ચિંતા વધી.

કાશ્મીરમાં તોયબાનો પ્રોક્સી વોરમાં થઈ રહેલો ઉપયોગ

નવી દિલ્હી,તા. ૨૯

પાકિસ્તાન કાશ્મીરમાં પ્રોક્સીવોર માટે લશ્કરે તોયબાનો ઉપયોગ કરી રહ્યું છે. તાજેતરમાં જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યો છે. કાશ્મીરના મામલે ભારત અને પાકિસ્તાન વચ્ચે વારંવાર સંઘર્ષો કેમ થાય છે તેને લઈને પણ વાત કરવામાં આવી છે. આમા ચેતવણી અપાઈ છે કે લશ્કરે તોયબાનો ઉપયોગ પ્રોક્સીવોર માટે કરવામાં આવી રહ્યું છે. પાકિસ્તાની સંગઠની આતંકવાદીઓમાં ઇસ્લામાબાદને વિશ્વાસ પણ છે. કારણ કે આ ત્રાસવાદી સંગઠનને પાકિસ્તાનની મદદ જારી રહી છે. છેલ્લા બે દશકથી નવેમ્બર ૨૦૦૮માં મુંબઈના આતંકવાદી હુમલામાં મુખ્ય જવાબદારી અદા કરનાર લશ્કરે તોયબાએ ઘણા હુમલાઓ કર્યા છે. છેલ્લા બે દશકમાં તોયબા પાકિસ્તાનના સૌથી ખતરનાક અને સક્ષમ આતંકવાદી પ્રોક્સી ગ્રૂપ પૈકી એક તરીકે ઊભરી આવ્યું છે. લશ્કરે તોયબામાં મોટાપાયે ભરતી, ટ્રેનીંગ ચાલી રહી છે. વેસ્ટ પોઈન્ટમાં યુએસ મિલેટ્રી એકેડમી ખાતે આતંકવાદી વિરોધી સેન્ટર દ્વારા તૈયાર કરવામાં આવેલા અહેવાલમાં જણાવાયું છે કે તોયબા ઉપર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે. દક્ષિણ એશિયામાં જેહાદ માટે સ્પષ્ટ નીતિ અપનાવાઈ છે. છેલ્લા દશકમાં કાશ્મીરમાં લડાઈ ચલાવવામાં આવી હતી. પાકિસ્તાન સીધી રીતે ભારત સામે સ્પર્ધામાં ઉતરવા સક્ષમ નથી. આવા સમયમાં પાકિસ્તાન તોયબા જેવા આતંકવાદીઓનો ઉપયોગ કરી ભારતને હેરાન કરવાની નીતિ ધરાવે છે. મુંબઈના ત્રાસવાદી હુમલામાં તોયબાના આતંકવાદીઓ સામેલ હતા. આ હુમલામાં ૧૬૬ લોકોના મોત થયા હતા. તોયબાના તાજેતરના ઇતિહાસ ઉપર ધ્યાન આપવામાં આવ્યા બાદ આ મુજબના તારણો જારી કરાયા છે. વધારી હતી.

મુંબઈના આતંકવાદી હુમલાના શહીદની પત્નીનું બ્રેઈન સ્ટ્રોકથી મૃત્યુ

મુંબઈ, તા.૨૯

શહિદ આઈપીએસ અધિકારી અને મહારાષ્ટ્ર રાજ્યના ભૂતપૂર્વ એટીએસ ચીફ હેમંત કરકરેની પત્ની કવિતા

કરકરેની તેમના નિવાસસ્થાને આજે વહેલી સવારે આનક જ તબિયત ખળી ગઈ હતી તેમને સરવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમની હાલત વધુ ગંભીર હોવાથી ડોકટર્સે તેમને આઈસીયુમાં ભરતી કરી તાત્કાલિક સારવાર હાથ ધરી હતી જો કે પછી તેમનું મૃત્યુ થઈ ગયું હોવાની જાહેરાત કરવામાં આવી હતી. તેમના અવસાન પછી તેમના શરીરના મહત્વના અંગોનું અંગદાન પણ કરવામાં આવ્યું છે. હોસ્પિટલના ન્યૂરો સર્જનના જણાવ્યા પ્રમાણે કવિતા કરકરેના મગજના ભાગમાં રક્તસ્ત્રાવ થયો હતો. કવિતાને હોસ્પિટલમાં લવાયા ત્યારે તેઓ કોમામાં સરી પડયા હતા.

ડોલર વિરુદ્ધ રૂપિયામાં ૩૮ પૈસાનો ઘટાડો થયો

નવીદિલ્હી,તા.૨૯

ડોલર સામે રૂપિયામાં આજે ૩૮ પૈસાનો ઘટાડો નોંધાયો હતો જેથી ડોલર સામે રૂપિયો ઘટીને ૭ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હતો. રૂપિયામાં આજે ભારે ઉથલપાથલ રહી હતી. રૂપિયો ૬૧.૫૩ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. આયાતકારો દ્વારા ડોલરની માંગ ફરી એકવાર રહેતા રૂપિયામાં ઘટાડો નોંધાયો હતો. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ૬૧.૩૫ની સપાટીએ ખુલ્યો હતો. ત્યારબાદ રૂપિયો ૬૧.૩૧ની સપાટીએ પહોંચ્યો હતો. પાંચમી માર્ચ ૨૦૧૪ બાદથી સૌથી નીચી સપાટી જોવા મળી રહી છે. પાંચમી માર્ચ ૨૦૧૪ના દિવસે ડોલર સામે રૂપિયો ૬૧.૭૫ની સપાટીએ રહ્યો હતો.

પાકિસ્તાન અણુ શસ્ત્રાગારના મામલામાં ભારતથી આગળ

નવી દિલ્હી,તા. ૨૯

ભારત સંરક્ષણ સહિતના ક્ષેત્રોમાં ઝડપથી આગળ વધી રહ્યું હોવા છતાં તેના પડોશી દેશો કરતા ભારત હજુ પાછળ છે જેથી ભારતને વધુ સાવધાન થઈને આગળ વધવાની જરૂર છે. નવા અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે.અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાન પરમાણુ શસ્ત્રાગારના મામલે ભારતથી આગળ છે. પાકિસ્તાન પાસે ૧૦૦-૧૨૦ વોરહેડ છે. જ્યારે ભારત પાસે ૯૦-૧૧૦ વોરહેડ છે. આવી જ રીતે ચીન આ બન્ને દેશો કરતા વધારે વોરહેડ ધરાવે છે. ચીન પાસે વોરહેડની સંખ્યા ૨૫૦ જેટલી હોવાની વાત નવા અહેવાલમાં કરવામાં આવી છે. અમેરિકા અને રશિયા તમામ દેસો કરતા ખુબ આગળ છે.અમેરિકા પાસે હાલમાં ૭૩૦૦ જેટલા વોરહેડ છે. જ્યારે રશિયા પાસે હાલમાં ૮૦૦૦ વોરહેડ છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પરમાણુ શસ્ત્રો ધરાવતા તમામ નવ દેશો તેમના શસ્ત્રાગારને આધુનિક બનાવી રહ્યા છે. લાંબા રેંજની મિસાઈલો વિકસિત કરી રહ્યા છે. જો કે અમેરિકા અને રશિયા ધીમી ગતિએ તેમના શસ્ત્રોને ઓછા કરી રહ્યા છે. તેમની ગણતરી હવે નિશસ્ત્રીકરણની દિશામાં આગવ વધવાની દેખાઇ રહી છે. નવી વિશ્વમાં સમજુતી પણ કરવામાં આવી છે. રશિયા અને અમેરિકા હજુ પણ તમામ પરમાણુ હથિયારો પૈકીના ૯૩ ટકા હથિયારો ધરાવે છે. જે ખુબ ચિંતાજનક બાબત છે. આવનાગર દિવસોમાં આને લઈને ચર્ચા જાગે તેમ પણ માનવામાં આવે છે.

વર્ષ ૨૦૧૫માં ૧૦.૮ ટકા સુધી પગાર વધારો

મુંબઈ, તા.૨૯

ભારતમાં કર્મચારીઓમાટે સારા સમાચાર છે. વર્ષ ૨૦૧૫માં કર્મચારીઓના પગારમાં ૧૦.૮ ટકા સુધીનો વધારો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. એશિયા પેસેફિક પ્રદેશમાં આ વધારો ૭ ટકાની આસપાસ રહેશે. જેની સરખામણીમાં ભારતીયોના પગારમાં વધારો થશે. હાલમાં જારી કરવામાં આવેલા નવા અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. ટાવર્સ વોટ્સમન ૨૦૧૪-૧૫ એશિયા પેસીફીક સેલેરી બજેટ પ્લાનિંગ રિપોર્ટમાં જણાવાયું છે કે, ભારતમાં કર્મચારીઓના પગારમાં ૧૦.૮ ટકા સુધીનો વધારો રહેશે. અન્ય જુદા જુદા દેશોમાં પગાર વધારાની પણ વાત કરવામાં આવી છે.